## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ, ઓલાનાં ૧૪ નાખુશ હતા એને આપણાંમાં લાવ્યા તો ખુશ થઈ ગયા અને આપણા ૧૬ કે જે ખુશ હતા તે નાખુશ થઈ ગયા...!!!



ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતવિભાગમાં મતદાન જાગૃત્તિ અર્થે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાની ૫૪૦ શાળાના ૭૮ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓએ મતદાન જાગૃત્તિ અર્થે યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં સહભાગી બન્યા હતા.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લામાં આજે પણ દિવસ દરમ્યાન હીટવેવ યથાવત્ રહેવા પામ્યો હતો.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● ગાંધીનગર શહેરમાં દબાણો જાહેર માર્ગો અને સેક્ટરોમાં વધી રહ્યા હોવાથી નગરજનો હવે કંટાળ્યા છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત અને મનપાની કચેરીમાં વાહન-પાર્કિંગની સમસ્યા સાથે જાહેર માર્ગો પર પણ પાર્કિંગની સમસ્યા વકરી છે.

● ટિકિટવાંચ્છુઓ દ્વારા વિવિધ પ્રમાણપત્રો મેળવવા દોટ મુકાઈ છે. હવે ફોર્મ ભરવા માટે ૩ દિવસનો સમય બાકી છે.

● જિલ્લામાં ધીમી ગતિએ ચૂંટણીજવર પ્રસરી રહ્યો છે જો કે કોંગ્રેસ પક્ષે ગઈકાલે બે બેઠકોના ઉમેદવાર જાહેર કર્યા છે.

● જિલ્લાના વતની અને અર્બુદા સેનાના સંયોજક વિપુલ ચૌધરી આજે આમ આદમી પાર્ટીમાં જોડાશે.

● કોરોના પ્રિકોશન ડોઝ અભિયાનમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૧ અને શહેરમાં ૩૪ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

● ચિલોડા માર્કેટયાર્ડમાં ડાંગરની મબલખ આવક નોંધાઈ છે.

● બોરીજની સરકારી પ્રા. શાળામાં બાળ-યુવા-મહોત્સવની ઉજવણી કરાઈ હતી.

● માણસા વિધાનસભા મત વિસ્તારમાં પોલીસ દ્વારા ફ્લેગમાર્ચ યોજવામાં આવી હતી.

# સિવિલના આંખ વિભાગમાં ડોકટરે માસ્ક વિનાના દર્દીને તપાસવાની ના પાડી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સિવિલમાં આઈ વિભાગમાં ફરજ બજાવતા ડોકટર દ્વારા દર્દી સાથે અમાનવીય વર્તન કર્યું હોવાની ફરીયાદ ઉઠવા પામી છે. માસ્ક ન પહેરેલા દર્દીને ડોકટરે તપાસવાની ચોખ્ખી ના પાડી દીધી હતી અને જતા રહેવા માટે કહ્યું હતું. જેથી સિવિલમાં દર્દીએ ઉચ્ચકક્ષાએ રજુઆત પણ કરી હતી. મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલનો કડવો અનુભવ સેકટર-૫ ખાતે રહેતા એક નાગરીકને થયો છે. સિવિલ હોસ્પિટલ ખાતે યુવક આઈ વિભાગમાં આંખની તપાસ માટે ગયો હતો. જો કે કોરોનાના સમયગાળામાં ફરજીયાત તમામ વ્યકિતઓ મોં પર માસ્ક રાખતા હતા. પરંતુ કોરોનાના દર્દીઓ હાલ નહીવત હોવાથી ખાસ કોઈ માસ્ક પહેરતુ જોવા મળતુ નથી. જો કે મોં પર માસ્ક પહેરતા હોય તો તે પણ સારી બાબત છે.પરંતુ યુવકની આંખની તપાસ બાદ અન્ય રૂમમાં તપાસ કરવા માટે જણાવ્યું હતું. ત્યાં હાજર ડોકટર દ્વારા માસ્ક પહેરવા માટે જણાવ્યું હતું. પરંતુ યુવક પાસે માસ્ક કે રૂમાલ નહી હોવાથી ડોકટરે તેઓને માસ્ક નીચેથી ખરીદીને પહેરીને આવો પછી જ તપાસ કરુ છુ તેમ કહેતા યુવકને થોડુ અજુગતુ લાગ્યું હતું. જો કે આઈ વિભાગમાં માસ્ક વિના બેસવુ નહી કે માસ્ક પહેરેલા દર્દીને જ તપાસ વામાં આવશે તે પ્રકારની કોઈ સુચના પણ લગાવેલી નથી. જયારે યુવકને માસ્ક વિના ૧૧૮ નંબરમાં ચેક કરશે તેમ કહ્યું હતું. જયારે ડોકટરના આ પ્રકારના અમાનવિય અભિગમથી યુવકને દુખ થયુ હતું. જેથી યુવકે સિવિલના આરએમઓ સાહેબને રજુઆત કરી હતી. ત્યારે દર્દી યુવકને આરએમઓ કચેરીથી માસ્ક આપી મામલો થાળે પાડવા માટે પ્રયત્ન કર્યો હતો.

## કર્ણાવતી ચેસ એકેડમી દ્વારા આંતર સ્કુલ ચેસ ટુર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

કર્ણાવતી ચેસ એકેડમી દ્વારા આંતર સ્કુલ ચેસ ટુનાર્મેન્ટ તેમજ સિનિયર પ્રાઈઝ મની ટુર્નામેન્ટનું આગામી તા.૨૭-૧૧-૨૨ ના રોજ જુના સચિવાલય કેન્ટીન ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ ચેસ ટુર્નામેન્ટમાં રસ ધરાવતા ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ સિનિયર ચેસ પ્લેયર્સે ધર્મેન્દ્ર પંડયા મો - ૮૪૬૦૧ ૭૯૧૮૮ તેમજ ડો.નિતિન દવે મો- ૯૮૨૫૨ ૫૧૭૧૨ સંપર્ક કરવા કર્ણાવતી ચેસ એકેડમી દ્વારા જણાવાયું છે.

## બીએસપીમાંથી ઉત્તરની બેઠક માટે પ્રવિણભાઈ દંતાણીએ ઉમેદવારી નોંધાવી

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત વિધાનસભાની ચુંટણીની જાહેરાત થઈ ગઈ છે. વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો પણ જાહેર થઈ ગયા છે. જયારે ઉતર ગુજરાતની ચુંટણી બીજા તબક્કામાં છે. ત્યારે રાજકીય પક્ષ દ્વારા પોતાના ઉમેદવાર પણ જાહેર કરી દેવાયા છે. પરંતુ ગાંધીનગરની ઉતર અને દક્ષિણ બેઠક સહિત માણસા, કલોલ બેઠકના ઉમેદવાર હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. ગાંધીનગર જિલ્લાની બેઠકો પર ચુંટણી લડવા માટે ઈચ્છુક ઉમેદવારોની યાદી લાંબી હશે. ત્યારે ગાંધીનગર જિલ્લાની ઉતર-દક્ષિણ, કલોલ, માણસા અને દહેગામ સહિતની વિધાનસભા બેઠક પર બહુજન સમાજ પાર્ટીના પણ ઉમેદવારો ચુંટણી લડશે. જેમાં ગાંધીનગર ઉતર બેઠક પર આજે પેથાપુરના વેપારી પ્રવિણભાઈ દંતાણીએ ઉમેદવારી ફોર્મ ભરી દીધુ છે.તો બીજીતરફ દક્ષિણ બેઠક પર સંભવિત યાદીમાં સરગાસણના રાજુભાઈ મંગાભાઈ પરમાર અને કલોલ બેઠક પર મહેન્દ્રભાઈ સોલંકી ચુંટણી લડે તેવી શકયતાઓ છે. બહુજન સમાજ પાર્ટી દ્વારા સંભવિત ઉમેદવારો પર મ્હોર મારવામાં આવશે તો તેઓ પોતાની ઉમેદવારી નોંધાવશે. ગાંધીનગર જિલ્લા અને શહેરની બેઠક પર ચુંટણીમાં રસાકસીભર્યો જંગ જામશે.

# માધવગઢની સીમમાંથી ઈનોવામાંથી ૧૮૬૮ બોટલ દારૂ ઝડપાયો

**પોલીસે દારૂ, મોબાઈલ, ગાડી સહિત કુલ રૂ.૭.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**





ગાંધીનગર, તા.૧૪

માધવગઢ થી સાદરા જતા માર્ગ પર ઈનોવા ગાડીમાંથી વિદેશી દારૂની ૧૮૬૮ બોટલ દારૂનો જથ્થો ચિલોડા પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે ગાડી, મોબાઈલ, દારૂ મળી કુલ રૂ.૭.૫૧ લાખથી વધુનો મુદ્દામાલ સાથે એક શખ્સને પકડી પાડી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે ઈનોવામાં ફીટ કરેલી નંબર પ્લેટ પણ ખોટી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે પોલીસે ખાનગી રાહે બાતમી મળી હતી કે હિંમતનગર તરફથી ઈનોવા ગાડી નં. જી.જે.૧૮.એ.બી.-૯૧૨૯ માં વિદેશી દારૂની પેટીઓ ભરીને આવી રહી છે. જેથી પોલીસે વોચ ગોઠવી તપાસ કરી રહ્યા હતા તે સમયે ઈનોવા ગાડી આવતા તેને રોકવા માટે કોશીષ કરી હતી. પરંતુ ઈનોવા ચાલકે દોડાવી મુકી હતી. જેથી પોલીસે પણ ફિલ્મી સ્ટાઈલે દારૂ ભરેલી ઈનોવા કારનો પીછો કર્યો હતો. પોલીસે માધવગઢની સીમમાં સાદરા તરફ જતા રોડ પર થી ઈનોવાને રોકી પાડી હતી. પોલીસે ઈનોવા ચાલક વિજયકુમાર કાના નારણ ખરાડી (ઉં.૩૨, રાજનગર ફળીયુ બલીયા ગામ તા.નયાગાવ જી ઉદયપુર રાજસ્થાન), ને પકડી પાડ્યો હતો. જયારે એક શખ્સ ઈનોવામાંથી પોલીસને થાપ આપી ભાગી ગયો હતો. પોલીસે ઈનોવાગાડીમાં તપાસ કરતા વિદેશી દારુની નાની મોટી બોટલ મળી કુલ નંગ-૧૮૬૮ કિં.રૂ.૨,૪૯,૩૦૦ તેમજ મોબાઈલ ફોન કિં.૨,૦૦૦, ઈનોવા ગાડી કિં.૫,૦૦,૦૦૦ મળી કુલ રૂ.૭.૫૧,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી એક શખ્સને પકડી પાડ્યો છે. જયારે ડ્રાઈવરને ભાગી ગયેલા શખ્સ અંગે પુછપરછ કરતા તેણે તે શખ્સ સતિષ (રહે. કાંકરા ડુંગરા તા.ખેરવાડા, જી ઉદયપુર રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. પોલીસે મોબાઈલમાં ઈ-ગુજકોપ સર્ચ કરતા ગાડીમાં લગાવેલી નંબર પ્લેટ ખોટી હોવાનું સામે આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ખોરજ બ્રાહ્મણ વાસ ખાતે બંધ મકાનમાં આગ લાગતા દોડધામ મચી



ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના ખોરજ ગામે રાત્રીના દોઢ વાગ્યાના અરસામાં બ્રાહ્મણ વાસ ખાતે બંધ મકાનમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. ઘરમાં આગ લાગ્યાની જાણ થતા જ ગ્રામજનોમાં દોડાદોડી મચી ગઈ હતી. જયારે આગની જવાળાઓને પગલે આસપાસ રહેતા નાગરીકોના જીવ તાળવે ચોંટી ગયા હતા.જયારે બનાવની જાણ ગાંધીનગર ફાયર બ્રિગેડને થતા તાત્કાલીક ટીમના જવાનો પહોંચી જઈને પાણીનો મારો ચલાવી આગ વધુ પ્રસરતા અટકાવી દીધી હતી. જો કે ઘરમાં રહેલી ચીજવસ્તુઓ આગમાં સ્વાહા થઈ ગઈ હતી. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જુના ખોરજ ગામે બ્રાહ્મણ વાસ ખાતે રહેતા કમલેશભાઈ ત્રિવેદીના મકાનમાં મધ્યરાત્રીએ આગ લાગી હતી. જો કે આગની જવાળોઓ બહાર દેખાતા આસપાસ રહેતા નાગરીકો ભયભીત થઈ ગયા હતા.

જયારે ગણતરીની મીનીટોમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ધુમાડાના ગોટેગોટા દુર દુર સુધી દેખાતા હતા. બનાવની જાણ થતા ગાંધીનગરના સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી ટીમના જવાનો સાથે ખોરજ પહોંચી ગયા હતા. જયારે એક કલાક પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગમાં ઘરમાં રહેલો સામાન બળીને ખાક થઈ ગયો હતો. આગ કાબુમાં આવતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. પરંતુ આગ કયાં કારણોસર લાગી તે અંગે જાણી શકાયું નથી. જો કે ફાયર જવાનો દ્વારા બંધ ઘરમાં લાગેલી આગ આસપાસના ઘરોમાં ન પ્રસરે તેનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. બ્રાહ્મણવાસના મકાનમાં આગની ઘટનાને પગલે ગ્રામજનો ઉંઘમાંથી જાગી જઈને દોડા દોડી કરી મુકી હતી. બનાવ અંગે સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવીએ જણાવ્યું હતું કે ખોરજ ગામના બ્રાહ્મણ વાસ ખાતે કમલેશભાઈ ત્રિવેદીના બંધ મકાનમાં આગ લાગી હતી. શોર્ટ સર્કિટને પગલે આગ લાગી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ લાગી રહ્યું છે. ગામડામાં ઘર એકબીજાને અડીને હોવાથી આગ વધુ પ્રસરે નહી તે રીતે સાવચેતી રાખી આગ પર કાબુ મેળવી લેવાયો હતો. આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી નથી.

## વેદ ઇન્ટરનેશનલ સ્કૂલમાં ચિલ્ડ્રન્સ ડેની ઉજવણી



ગાંધીનગર,તા.૧૪

પંડિત જવાહરલાલ નહેરુના જન્મદિવસ ને સાચા અર્થમાં સાકાર કરવા માટે વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં બાળ દિવસની ઉજવણી કરવામાં આવી. શાળા રૂપી બગીચાના પુષ્પ સમાન બાળકોને ખુશ કરવા માટે ફેકલ્ટીઝ દ્વારા અલગ અલગ રાજ્યોના પરિધાનમાં સજ્જ થઈ ફેકલ્ટીઝ એ સુંદર મજાની રજૂઆત કરી હતી.

ચિલ્ડ્રન્સ ડે અનુરૂપ એસેમ્બલી તથા કાર્ટુન- જોકર સાથે બાળકોએ ડાન્સ કર્યા હતા. અને બાળકોને ખુશ ખુશાલ કરી દીધા હતા.

ત્યારબાદ મેજિક શો અને વિવિધ પ્રકારની ગેમ્સ બાળકોને રમાડવામાં આવી હતી. અને બાળકોએ ખૂબ જ મજા કરી હતી.

## સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ દ્વારા બાળદિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૪

સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ સમાજ ઉત્થાન હેતુ વિવિધ કાર્યક્રમો કરે છે. ત્યારે બાળદિન નિમિતે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના સેક્રેટરી વી.એસ.ગઢવી, SSSS ડાયરેક્ટર ફાધર ઝેવિયર જેમ્સ, ચાઈલ્ડલાઈન સ્ટાફ, પ્રવાસી બંધુ સ્ટાફ તેમજ ગાંધીનગરના બે બાળગૃહના બાળકોને સાથે લઈને કેક કાપી બાલદીનની ઉજવણી કરી હતી.

ફાધર ઝેવિયર જેમ્સ દ્વારા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રોત્સાહન આપ્યું હતું અને સૌએ બાળકો સાથે વાતચીત કરી સમય વિતાવ્યો હતો.

બાળકોને સ્વાદિષ્ટ અલ્પાહાર આપવામાં આવ્યો હતો અને બાળકોમાં ખુશી જોવા મળી હતી.

**ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૨**

# મતદાન જાગૃત્તિ અર્થે ૧૬મી એ ૧૦૦૦ જેટલાં જાહેર સ્થળો પર રંગોળી પૂરાશે

**શહેરની ૧૭ શાળાના વિદ્યાર્થીઓ નગરનાં ૧૫ જાહેર સ્થળો ખાતે રંગોળી પૂરીને મતદાન કરવાની અપીલ કરશે**

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિભાગમાં આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણીના અનુસંધાને 'અવસર લોકશાહીનો'-સ્વીપ અંતર્ગત મતદાન જાગૃત્તિ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં તા. ૧૬મી નવેમ્બર, ૨૦૨૨ના રોજ રંગોળી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શહેરમાં ૧૫ જાહેર સ્થળો પર મતદાન જાગૃત્તિ આપતી રંગોળી પૂરવામાં આવશે. જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં બાળકો દ્વારા પોતાના ગામ કે શહેરમાં જાહેરસ્થળે રંગોળી પૂરવામાં આવશે. સમગ્ર જિલ્લામાં એક હજાર જેટલાં જાહેર સ્થળો પર વિદ્યાર્થીઓ રંગોળીના માધ્યમથી મતદારોને મતદાન કરવાની તેમની નૈતિક જવાબદારી નિભાવવાની અપીલ કરશે.

'અવસર લોકશાહીનો' અભિયાન અંતર્ગત રાજયમાં મતદાન જાગૃત્તિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં પણ જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી પ્રવિણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃત્તિ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લાના વિવિધ જાહેરસ્થળો પર તા. ૧૬મી નવેમ્બર, ૨૦૨૨ ના રોજ રંગોળી પૂરીને મતદાન જાગૃત્તિ કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગર શહેરમાં મતદાન જાગૃત્તિ આપતી રંગોળી શહેરી વિવિધ શાળાનાં બાળકો દ્વારા ૧૫ જાહેર સ્થળોએ રંગોળી બનાવવામાં આવશે. જેમાં સેકટર-૨૩, સર્વ વિશ્વ વિદ્યાલયની આર.જી.કન્યા, આર.સી.પટેલ અને એમ.બી.પટેલ શાળાના વિદ્યાર્થીઓ નવા સચિવાલયમાં બ્લોક નંબર-૯ ખાતે, સેકટર-૨૩ સ્વામિનારાયણ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ જૂના સચિવાલયમાં, જે.એમ.ચૌધરી કેમ્પસના વિદ્યાર્થીઓ કલેકટર કચેરી, મહાનગરપાલિકા અને જિલ્લા કોર્ટ ખાતે, સેકટર- ૨૧ માઉન્ટ કાર્મેલ સ્કૂલના વિદ્યાર્થીઓ રાજભવન ખાતે, ઈન્ફોસીટી, સરગાસણના વિદ્યાર્થીઓ ગિફટ સીટી ખાતે, સેકટર-૩ સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓ પથિકાશ્રમ ખાતે, સેકટર- ૨૮ આરાધના વિદ્યાવિહારના વિદ્યાર્થીઓ જિલ્લા પંચાયત, સેકટર-૨૫ વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ ડી-માર્ટ, સેકટર- ૨૬ શ્રી જયપ્રકાશ વિદ્યાલયના વિદ્યાર્થીઓ ઓશિયા મોલ, પોલિટેકનીક, સેકટર-૨૮, બા શ્રી વસંતકુંવરબા વિદ્યાલયના વિદ્યાર્થીઓ સેકટર- ૨૮ ગાર્ડન, સેકટર- ૮ સેંટ ઝેવિયર્સના વિદ્યાર્થીઓ સરિતા ઉદ્યાન, પેથાપુર શેઠ.એમ.બી. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સેકટર- ૨૧ માર્કેટ અને સેકટર- ૭ સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ સેકટર- ૭ શોપિંગ સેન્ટર ખાતે રંગોળી બનાવીને લોકોને મતદાન કરવાની અપીલ કરશે.

## સાદરા વિદ્યાપીઠ સંકુલ ખાતે બાળદિને પુસ્તકોનું પ્રદર્શન



ગાંધીનગર,તા.૧૪

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ (૧૪ નવે. થી ૨૦ નવે.) અંતર્ગત બાળદિવસ નિમિત્તે પુસ્તક પ્રદર્શન કરવામાં આવ્યું. આઝાદ ભારતના પ્રથમ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નેહરુના જન્મદિવસ ને બાળદિવસ તરીકે ઉજવવામાં આવે છે.આ પ્રદર્શનમાં જવાહરલાલ નેહરુના તથા બાળ સાહિત્યના પુસ્તકો જેવા કે., અડવાનું બુદ્ધિપ્રદર્શન, ચતુરાઈ કથાઓ, બાળવિકાસ અને શિસ્ત-૨, નેહરૂ એક અધ્યયન અને જવાહરલાલ નેહરુ કે ભાષણ વગેરે જેવા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના એમ કુલ ૭૦ પુસ્તકો ગોઠવવામાં આવ્યાં હતાં. જેનો લાભ સંકુલના બાળકો, વિદ્યાર્થીઓ અને સેવકમિત્રોએ લીધો હતો. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક ડૉ. રાજેન્દ્રભાઈ જોશી ના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશ પરીખ, મથુરભાઈ નિસરતા, દિશા દવે, કિશન પંચાલ, જતીન સોલંકી, મહેન્દ્ર રહેવર અને મયુર રાવળ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સેક્ટર ૩૦ સરકારી પ્રાથમિક શાળામાં બાળ દિનની ઉજવણી



ગાંધીનગર, તા.૧૪

સરકારી પ્રાથમિક શાળા સેક્ટર ૩૦ ખાતે બાળદિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના બાળકોને ચાચા નહેરુના જીવન ચરિત્ર વિશે માહિતી આપવામાં આવી કે તેમને બાળકો ખૂબ જ પ્રિય હતા. આ દીને બાળ દિવસની ઉજવણી અંગેની માહિતી આપવામાં આવી હતી.